# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - જૂન, ૨૦૨૩

### પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) સાચો દિલાસો : હે પ્રભુ, હું કેટલીકવાર ઉદાસીનતા અને બેચેની અનુભવુ છું અને કાયમી દિલાસો કોઈ જ નથી. મને જાણીને ખૂબ આનંદ થયો કે પવિત્ર આત્મા ખરો દિલાસો આપનાર છે. હું માનવીય દિલાસાથી દર્દને દૂર કરવાનો પ્રયાસ છોડી દઉં છું. હું પ્રાર્થના કરું છું કે મને તમારા આત્માથી ભરો અને મને તમારી શાંતિ અને આરામ આપો. (માથ્થી ૫:૪)

(૨) અલૌકિક રીતે પ્રેમ કરો : હે સ્વર્ગીય પિતા, તમે અમને એકબીજાને પ્રેમ કરવાની સૂચના આપો છો, પરંતુ પ્રેમ કરવાના મારા પ્રયત્નો હંમેશા નિષ્ફળ જાય છે. મારા દૈહિક પ્રયત્નો ઓછા પડે છે અને સ્વસેવાનો અંત આવે છે. મને ખાતરી છે કે તમે સાચા પ્રેમના શ્રોત છો. હે પવિત્ર આત્મા, હું તમને વિનંતી કરું છું કે તમે મને ભરો અને મારા થકી બીજાઓને પ્રેમ કરો. (રોમન ૧૩:૮-૧૦)

(૩) ખ્રિસ્ત મારું જીવન : વ્હાલા પ્રભુ, મેં વર્ષોથી અર્થ અને મહત્વની શોધ કરી છે. દેવ હું જાણું છું કે જીવનના શ્રોત વિના તે શક્ય નથી. તમે જીવનના સાચા શ્રોત છો. હવે હું સમજુ છું કે જ્યારે મેં ખ્રિસ્તનો સ્વીકાર કર્યો ત્યારે ખ્રિસ્ત મારું જીવન બની ગયા. તેથી હું મારી જાતને તમને સોપું છું. (કલોસી ૩:૪)

(૪) અંતિમ વ્યક્તિ પાસે જાઓ : વ્હાલા પ્રભુ ઈસુ, તમે ઈશ્વરના સર્વશક્તિમાન પુત્ર છો. અનંતજીવનના શ્રોત. મને લાગે છે કે જેની પાસે હું જઈ શકુ એવા તમે એકલા જ છો. તેથી હું તમને મારા જીવનના શ્રોત તરીકે જોઉં છું. મને હંમેશા તમારી પાસે જવા દો. મને તમારા પર સંપૂર્ણ વિશ્વાસ રાખવાની કૃપા બક્ષો. (યોહાન ૬:૬૮)

(૫) ઈશ્વરની સભાનતા : હે ઈશ્વર, ક્યારેક મારું જીવન ખૂબ સ્થિર નથી. તેથી હું મારી સ્થિરતાના શ્રોત તરીકે તમારી તરફ ફરું છું. મને ઈશ્વરની સભાનતા સાથે જીવવા સહાય કરો. જેથી હું તમારી કાયમી હાજરીનો અનુભવ કરું અને વિશ્વાસ તથા આશા સાથે જીવનના પડકારોનો સામનો કરી શકું. (ફિલીપી ૪:૬,૭)

(૬) તાકીદ : બાઈબલ પ્રશ્ન પૂછે છે અને ઉત્તર પણ આપે છે. ''તમારી જીંદગી શાના જેવી છે ? તમે તો ધૂમર જેવા છો. તે થોડીવાર દેખાય છે અને પછી અદૃશ્ય થાય છે.'' (યાકૂબ ૪:૧૪) હે પ્રભુ, મારું જીવન એવું સમજદારીવાળુ રહે અને તમને મળવા હંમેશા તૈયાર રહે એવું થવા દો. અનંતજીવનની આશા બદલ આભાર.

(૭) યાદો : મનુષ્યો ભૂતકાળની પાપી યાદો સાથે સંઘર્ષ કરે છે અને દુશ્મન આક્ષેપો કરવા માંગે છે. ઈસુનું રક્ત આપણને કબુલ કરેલા સઘળા પાપથી શુદ્ધ કરે છે. પ્રભુ કહે છે કે ''મેં તારા અપરાધ મેઘની પેઠે તથા તારાં પાપ વાદળની પેઠે ભૂંસી નાખ્યાં છે; મારી તરફ પાછો ફર; કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે.'' (યશાયા ૪૪:૨૨)

(૮) માન : ખ્રિસ્તી પુરુષો તરીકે આપણે હકારાત્મક પ્રભાવવાળા હોવા જોઈએ. આ આપણી પત્ની સાથેના સંબંધોમાં શ્રેષ્ઠ રીતે દર્શાવવામાં આવે છે. ધોરણ ઊંચું છે. જેમ ખ્રિસ્ત મંડળીને પ્રેમ કરે છે અને તેના માટે પોતાને સ્વાધીન કરે છે તેમ પતિએ તેની પત્નીને પ્રેમ અને માન આપવું જોઈએ. હે પ્રભુ, મારી પત્ની માટે આભાર. (એફેસી ૫:૨૫)

(૯) બે બાજુઓ : આપણે બધા બાળકો છીએ. કેટલાક પહેલેથી જ માતાપિતા છે અને દાદાદાદી પણ. નીતિવચનો ૧૩:૧ ડાહ્યા દીકરાની વાત કરે છે. જે તેના પિતાની શીખામણ માને છે. હે ઈશ્વર, મને એવો દીકરો બનવા મદદ કરો જે તમારું શિક્ષણ સાંભળે અને એક પિતા બનવા મદદ કરો. જે તમારા વચનોનું જ્ઞાન આગામી પેઢી સુધી પહોંચાડે.

(૧૦) જીવનસાથીઓ : તમારા પુત્ર પુત્રીઓ કોની સાથે લગ્ન કરશે તે સંબંધી શું તમે ચિંતિત છો ? ઉત્પતિ ૨૪માં ઈબ્રાહિમ તેના દીકરાના લગ્ન આશીર્વાદિત થાય તે વિશે ચિંતા કરે છે. હે પ્રભુ, અમે અમારા બાળકોના ભાવિ જીવનસાથીઓ માટે મધ્યસ્થી કરીએ છીએ. તમારી ઈચ્છા પ્રમાણે તેઓના લગ્ન સુખી રહે એવી પ્રાર્થના કરીએ.

(૧૧) તકલીફ : “હે મને ન્યાયી ઠરાવનાર મારા દેવ, હું વિનંતી કરું ત્યારે મને ઉત્તર દેજે; સંકટને વખતે તેં મને છોડાવ્યો છે; મારા પર દયા રાખીને મારી પ્રાર્થના સાંભળજે.” (ગી.શા. ૪:૧) દાઉદની જેમ જે બાબતો આપણને પરેશાન કરતી હોય અને આપણું જીવન અસહ્ય બનાવતુ હોય એવી બાબતો ઈશ્વર સમક્ષ લાવી શકીએ છીએ. ઈશ્વર આપણી દૃષ્ટિને વિસ્તૃત કરવા અને આપણા હૃદયને ઉત્તેજન આપવા માંગે છે.

(૧૨) પ્રેમ કરવો : “પ્રેમ કરો અને પછી તમે જે ઈચ્છો તે કરો.” (ઑગસ્ટીન) “કેમકે જે કોઈ બીજા પર પ્રેમ રાખે છે તેણે નિયમને પૂરેપૂરો પાળ્યો છે.” (રોમન ૧૩:૮બ) જ્યારે આપણે ઈશ્વરના પ્રેમને વહેંચીએ છીએ ત્યારે આપણે આપણા જીવનને સમૃદ્ધ કરનાર સ્વતંત્રતા, સર્જનાત્મકતા અને સંબંધનો અનુભવ કરીએ છીએ. આપણે આપણી જાતને પૂછીએ કે આજે હું કોનું ભલુ કરી શકું ?

(૧૩) ટકી રહે તેવું : “હું તને આશીર્વાદ દઈશ અને તું આશીર્વાદરૂપ થશે.” (ઉત્પતિ ૧૨:૨) આપણી પાસે જે કંઈ છે તે આપણને ઈશ્વરે આનંદ માટે અને બીજાઓનું ભલુ કરવા માટે સોંપ્યુ છે. આ રીતે આપણે ઈશ્વરના પુષ્કળ આશીર્વાદો માટે તૈયાર થઈએ.

(૧૪) છોડવું : “એ સારુ માણસ પોતાનાં માબાપને છોડીને, પોતાની પત્નીને વળગી રહેશે; અને તેઓ એક દેહ થશે.” (ઉત્પતિ ૨:૨૪) સ્વતંત્રતા એ નવા સંબંધ માટે પૂર્વશરત છે અને આત્મા અને શરીરની એકતા માટેનો પાયો છે. આ લગ્ન માટે ઈશ્વરની યોજના છે તે માટે તેમનો આભાર માનીએ.

(૧૫) સંગત : જ્યારે ઈશ્વર તમારું ધ્યાન ખેંચવા માંગે છે ત્યારે તે ધીરેથી ગણગણે છે. જો તમારી આસપાસ ખૂબ જ ઘોંઘાટ હોય તો તમે ક્યારેય તેમનો અવાજ સાંભળી શકતા નથી. પ્રાર્થના કરો કે ઈશ્વર તમારી આસપાસના ખલેલ પહોંચાડનાર અવાજોને શાંત કરે, જેથી ઈશ્વર સાથેની તમારી સાચી સંગત માણવાનું શક્ય બનાવે. (૧ રાજાઓ ૧૯:૧૨-૧૩)

(૧૬) ક્યારેય એકલા નથી : ખ્રિસ્તના શિષ્ય તરીકે તમે જાણો છો કે મુશ્કેલીના સમયે ક્યાં જવું. પ્રભુ ઈસુનો આભાર માનો કે જેમણે તમને તમારી બાજુ ઊભા રહેવાના વચનો આપ્યા છે. તે તમને કદી તજશે નહિ કે છોડશે નહિ. “હું તમને કદી મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ.” (હિબ્રુ ૧૩:૫)

(૧૭) માછીમારી : જો તમારે માછલી પકડવી હોય તો તમારે કેટલીક તૈયારીઓ કરવી પડશે. માણસોના પકડનાર તરીકે પણ આજ બાબત લાગુ પડે છે. ઈશ્વર તમને કેવી રીતે અસરકારક માણસોને પકડનાર બની શકાય તે શીખવે તે માટે પ્રાર્થના કરો. (માથ્થી ૪:૧૯)

(૧૮) પ્રતિબિંબિત કરવું : કોઈપણ વ્યક્તિએ ઈશ્વરને જોયા નથી, પરંતુ ઈસુના અનુયાયી તરીકે તમે તમારી આજુબાજુના લોકો માટે તેમની ચમક પ્રદર્શિત કરી રહ્યા છો. પ્રાર્થના કરો કે લોકો તમારા જીવનમાં ઈશ્વરના મહિમાની ઝલક જુએ અને ઘણાં લોકો તમારા જીવનથી ઉત્તેજન પામે, જેથી તેઓ તેમના જીવનમાં ઈસુને આમંત્રણ આપે. (પ્રે.કૃત્યો ૬:૧૫)

(૧૯) વિશ્વાસ : “પણ વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો એ બનતું નથી; કેમ કે દેવની પાસે જે કોઈ આવે, તેણે તે છે, અને જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ.” (હિબ્રુ ૧૧:૬) ઈસુ ખ્રિસ્ત દ્વારા દરેકને પિતા પાસે આવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. ઈશ્વરને હૃદય અને ઈચ્છાની નમ્ર આધીનતામાં અગ્રિમતા આપનાર વિશ્વાસના પુરુષ બનો.

(૨૦) ચારિત્ર્ય : આ જગતનો રાજકુમાર ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ સામે ધમકી આપે છે અને લડે છે. વિશ્વાસમાં દૃઢ રહેનાર અને કુટુંબમાં અને જાહેર જીવનમાં બાઈબલના મૂલ્યો પ્રમાણે જીવનાર ચારિત્ર્યવાન પુરુષોનો ઈશ્વર આદર કરશે. જેને માટે જગત લાયક નથી એવા પુરુષ બનો. (હિબ્રુ ૧૧:૩૮)

(૨૧) ક્રિયા : “એ માટે તમે પોતાના મનની કમર બાંધીને સાવધ રહો, અને ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાની વેળાએ તમારા પર જે કૃપા થશે તેની પૂર્ણ આશા રાખો.” (૧ પિતર ૧:૧૩) પ્રભુ ઈસુએ તેમના પુનરાગમન સુધી કામ કરવાનું કહ્યું હતું. આપણે ઈશ્વરે અગાઉથી તૈયાર કરેલાં સારાં કામોમાં ચાલવું જોઈએ. તમારા કાર્ય દ્વારા ઈશ્વરને મહિમાવાન કરવાનો નિર્ણય કરો.

(૨૨) એક મનના : ''પરંતુ તેણે કંઈપણ સંદેહ રાખ્યા વિના માગવું. બે મનવાળું માણસ પોતાનાં સઘળા કાર્યોમાં અસ્થિર છે.'' (યાકુબ ૧:૬,૮) જ્યારે આપણે આપણા પૂર્ણ હૃદયથી શોધીએ છીએ ત્યારે તે ઉત્તર આપવા તૈયાર છે. તમારી સૌથી ઊંડી પ્રેરણા તમને દોરે છે તે તપાસવા તૈયાર રહો અને તેમના રાજ્યને અગ્રિમતા આપનાર મન મળે તે માટે પ્રાર્થના કરો.

(૨૩) પ્રેમ : ''હવે વિશ્વાસ, આશા તથા પ્રીતિ એ ત્રણે ટકી રહે છે; પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે.'' (૧ કરિંથી ૧૩:૧૩) ઈશ્વરને પ્રાર્થના કરો કે ઈશ્વર તમને ખોવાયેલાને શોધનાર, નબળાનું રક્ષણ કરનાર, સત્ય માટે લડનાર અને દુષ્ટતાનો સામનો કરનાર બનાવે. આ રીતે તમે ખ્રિસ્તના પ્રેમને તમારા થકી વહેવા દો.

(૨૪) દુ:ખ સહન કરવું : ''સર્વ કૃપાનો દેવ જેણે ખ્રિસ્તમાં તમને પોતાના સર્વકાળના મહિમાને સારુ મોકલ્યા છે, તે પોતે તમે થોડી વાર સહન કરો ત્યાર પછી, તમને પૂર્ણ સ્થિર તથા બળવાન કરશે.'' (૧ પિતર ૫:૧૦) ૩ કરોડ ૬૦ લાખ ખ્રિસ્તીઓ જેઓ તીવ્ર સતાવણીનો સામનો કરી રહ્યા છે તેઓને માટે પ્રાર્થના કરો.

(૨૫) પ્રાર્થના : ''ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે.'' (યાકુબ ૫:૧૬બ) ઈશ્વરે આપણને જગતને બદલવા માટે પ્રાર્થના આપી છે. ઈશ્વર જેવા તમને બનાવવા ઈચ્છે છે તેવા પુરુષ બનવા માટે પ્રાર્થના કરો. તમારા પરિવાર અને સમાજ માટે તેમના આશીર્વાદનું સાધન બનો. ઈશ્વરની મહાન બાબતોની અપેક્ષા રાખો. કારણ કે તે સર્વશક્તિમાન છે.

(૨૬) ડહાપણ : ''તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય, તો દેવ જે સર્વને ઉદારતાથી આપે છે, ને ઠપકો આપતો નથી, તેની પાસેથી તે માગે; એટલે તેને તે આપવામાં આવશે.'' (યાકૂબ ૧:૫) મિત્ર, તમે નિંદ્રાધીન રાતો અને અનંત ચર્ચાઓમાં સમય બગાડો તે પહેલાં તમારાં ઘૂંટણો વાળો અને ઈશ્વરની દૃષ્ટિમાં જે સાચું અને આનંદદાયક છે તે ઓળખવા માટે ડહાપણ મળે તે માટે ઈસુના નામમાં પ્રાર્થના કરો, તે પ્રત્યુત્તર આપશે.

(૨૭) ટકાઉ સામર્થ્ય : ''પણ અંત સુધી જે કોઈ ટકશે તે જ તારણ પામશે.'' (માથ્થી ૨૪:૧૩) રમતવીર નિયમિત તાલીમ થકી સ્નાયુઓની શક્તિ વિકસાવે છે. ખ્રિસ્તી ચારિત્ર્ય અને ટકનાર શક્તિનો વિકાસ પ્રભુ ઈસુમાં સતત વિશ્વાસ અને તેમના પર આધાર રાખવાથી થાય છે. આ રીતે પ્રભુને માન આપો.

(૨૮) શ્રેષ્ઠતા : ''માણસોને સારુ નહિ પણ જાણે પ્રભુને સારુ છે, એમ સમજીને જે કંઈ તમે કરો તે સઘળું ખરા દિલથી કરો.'' (કલોસ્સી ૩:૨૩) ખ્રિસ્તના શિષ્યને તેની શ્રેષ્ઠ આવડતો અનુસાર તેનું કાર્ય કરવા માટે સૌથી વધુ પ્રેરણા હોય છે. પોતાના કામમાં મહેનતુ ખ્રિસ્તી માન પામશે. શ્રેષ્ઠ માણસ બનો અને ખ્રિસ્ત માટે જણાવવા તૈયાર રહો એવી પ્રાર્થના કરો.

(૨૯) હિંમત : ''ત્યારે પિતર તથા યોહાનની હિંમત જોઈને ....... તેઓને ઓળખ્યા કે તેઓ ઈસુની સાથે હતા.'' (પ્રે.કૃત્યો ૪:૧૩) માનવીય જ્ઞાન કે આવડત નહિ પરંતુ પવિત્ર આત્માનું ભરપૂરીપણું ખ્રિસ્ત માટે જીવવા અને બોલવાની હિંમત આપે છે. ઈશ્વરને પ્રાર્થના કરો કે તે તેમની મંડળીને ફરીથી જાગૃત કરે.

(૩૦) અનંતજીવન : ''કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે, તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.'' (યોહાન ૩:૧૬) ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર સમસ્ત માનવજાતનું તારણ કર્યું. અનંતજીવન મેળવવા માટે તેમનામાં વિશ્વાસ કરવો પૂરતો છે. સુવાર્તા પ્રગટ કરો. લોકો નાશ પામી રહ્યા છે.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program : Gujarat First Channel, Time : 06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**